IndiaFirst
LIFE INSURANCE

**Publication: Prabhat** **Date: Tuesday, 18th November, 2014**

**Edition: Ahmedabad**

# ઇન્ડિયા ફર્સ્ટ લાઇફ ઇન્સ્યુરન્સ દ્વારા 'હેપ્પી ઇન્ડિયા' લોન્ચ

નાવીન્યપૂર્ણ વિચારો અને પરિવર્તન લાવવાની ધગશ સાથેનાં યુવા પરિવર્તનકારીઓને પિછાણવા માટે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સે હેપ્પી ઈન્ડિયા પહેલની જાહેરાત કરી છે. આ સામાજિક પરિવર્તન પહેલ કંપનીની ૫ તિથિની ઉજવણીના ભાગરૂપે ૧૧-૧૬ વયવર્ષના બાળકો માટે છે.

આ પહેલની જાહેરાત કંપનીની ૫ તિથિની ઉજવણી ખાતે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી મોહિત રોશનાલી દ્વારા કરાઈ હતી.

આ પહેલની રજૂઆત વિશે બોલતાં શ્રી મોહિત રોશનાલીએ જણાવ્યું હતું કે દેશમાં સેવાનાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે તે નિમિત્તા સાધી હેપ્પી ઈન્ડિયા લોન્ચ કરવામાં અમને બેહદ ખુશી થઈ રહી છે. ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ચૂક્યો છે. નવી સરકાર ભારતને નાણાકીય સમાવેશકતાથી લઈને મેક ઈન ઈન્ડિયાંથી સ્વચ્છ ભારત અભિયાન સુધી બહેતર બનાવવા માટે શ્રેણીબદ્ધ પગલાં લઈ રહી છે. હવે વિદ્યાર્થીઓને ફક્ત માગણી કરીને નહી પરંતુ વાસ્તવમાં તેમને માટે નિર્માણ કરીને આ પરિવર્તનનો ભાગ બનવાની તક ચાલીને આવી રહી છે.

હેપ્પી ઈન્ડિયાનું લક્ષ્ય યુવા પરિવર્તન ઘડવૈયાઓની તલાશ કરવાનું લક્ષ્ય છે અને પરિવર્તન માટે તેમના વિચારોનો અમલ કરવા માટે તેમને ટેકો આપવાનું લક્ષ્ય છેં. આમાં ૧૫ શહેરની ૫૦૦ શાળામાંથી ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

યુવાનો તેમને ચિંતા કરાવે તેના સામાજિક મુદ્દાઓ પિછાણશે અને આ મુદ્દાઓનો ઉકેલ લાવવા માટે તેઓ શું નિયોજન કરી શકે તે વિશે તેમના વિચારો રજૂ કરશે. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ આ સામે ૨૫ ઉત્તમ પરિવર્તન માટેના વિચારોને ટેકો આપીને રૂ. ૫૦,૦૦૦ ગ્રાન્ટ આપશે, જેથી આ યુવા પરિવર્તનકારીઓ તેમના સપનાનું પરિવર્તન ઘડી શકશે.

આ પહેલને બેન્ક ઓફ બરોડા અને આંધ્ર બેન્કો ટેકો આપ્યો છે, જયારે વેલિડેશન અને પ્રોસેસ વેલિડેશનનું નોલેજ પાર્ટનર્સ કેએમપીજી ધ્યાન રાખશે.

અમે રાષ્ટ્ર નિર્માણ પ્રવૃત્તિમાં ભાવિ પેઢીને સાંકળવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમને આશા છે કે ઈન્ડિયાફર્સ્ટનું આ નાનું પગલું રાષ્ટ્ર માટે ભવ્ય છલાંગ બની રહેશે, કારણ કે આમાં સેકડો શાળાઓ ભાગ લેતી જોવા મળશે, એમં રોશનાલીએ ઉમેર્યુ હતું.

પરિવર્તન માટેના આ ૨૫ ઉત્તમ વિચારોને ઉદ્યોગના દિગ્ગજો, નાવીન્યકારો, સામાજિક વિજ્ઞાનીઓ અને લેખકો દ્વારા સંપૂર્ણ અમલીકરણ તબક્કા દરમિયાન મેન્ટર કરાશે અને તેમાં હિંદુજા હોસ્પિટલના સીઈઓ પ્રમોદ લેલે, એચટી મિડિયાના સિ. એડિટર તમલ બંડોપાધ્યાય જેવી નામાંકિત હસ્તીઓનો સમાવેશ રહેશે.

ઈન્ડિયાફર્સ્ટ ફેબ્રુઆરીઓમાં હેપ્પી ઈન્ડિયા નેશનલ કોન્કલેવ આયોજિત કરશે, જયારે ૨૫ ટીમ કોર્પોરેટ દિગ્ગજો, મુખ્ય જાહેર હસ્તીઓ અને મિડિયા સમક્ષ તેમના પ્રોજેક્ટો પ્રદર્શિત કરશે.

આ વિદ્યાર્થીઓના પ્રયાસોને ઈન્ડિયાફર્સ્ટ અને શ્રેષ્ઠી પબ્લિશર્સ દ્વારા ભાવિ પરિવર્તનને પ્રેરણા આપવા માટે સંયુક્ત રીતે ઘડવામાં આવેલા યંગ ચેન્જ મેકર્સ કોમ્પેડિયમમાં પણ સ્થાન અપાશે. આ કોમ્પેડિયમમાં વિચારો પર મેન્ટરોનું પરિપ્રેક્ષ્ય હશે. એટલે કે, આ વિચાર અમલ કર્યા પછી હેપ્પી ઈન્ડિયા નિર્માણ કરવા માટે અમલીકરણ પછી તેનો પ્રભાવ અનેં રીત.વિદ્યાર્થીઓ ૩ ૪ વિદ્યાર્થીની ટીમમાં ભાગ લઈ શકશે.

A Joint Venture of
Bank of Baroda Legal & General Andhra Bank